# પત્રક ભાગ–૨

# પંદરમી ગુજરાત વિધાનસભા

## સોમવાર, તા.૨૯/૦૧/૨૦૨૪

૯૨. **પંદરમી ગુજરાત વિધાનસભાના ચોથા સત્ર દરમિયાન અડધા કલાકની ચર્ચા માટેની સૂચના આપવા માટેનો કાર્યક્રમ** :-

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૯૨(૧) અન્વયે, માનનીય અધ્યક્ષશ્રીએ સત્ર દરમિયાન દર સોમવાર અને બુધવારે, તે દિવસે મુકરર કરેલ સભાગૃહનું કામ પૂરૂ થયા પછીનો અડધો કલાક પ્રશ્નના તાજેતરમાં આપવામાં આવેલ જવાબમાંથી ઉપસ્થિત થતી પૂરતી જાહેર અગત્યની બાબત પર અડધા કલાકની ચર્ચા કરવા માટે ઠરાવ્યો છે.

૨. પંદરમી ગુજરાત વિધાનસભાના ચોથા સત્ર દરમિયાન અડધા કલાકની સૂચના આપવા માટેનો કાર્યક્રમ આ સાથેના પત્રકમાં દર્શાવ્યા પ્રમાણે રહેશે.

૩. અડધા કલાકની ચર્ચા માટે ઠરાવેલ દિવસ માટે જે તે, દિવસની સામે આસન-૨ માં દર્શાવેલી છેલ્લી તારીખ સુધીમાં સૂચના આ સચિવાલયને આપી શકાશે. જો એક દિવસ માટે એક કરતાં વધારે સૂચનાઓ દાખલ કરવામાં આવી હશે તો સૂચનાઓનો અગ્રતાક્રમ નક્કી કરવા સારૂ આસન-૩માં દર્શાવેલ દિવસે અને સમયે બેલેટ યોજવામાં આવશે.

૪. બેલેટ યોજવાની જરૂર પડશે તો પત્રકમાં તે માટે દર્શાવેલ દિવસ અને સમયે પ્રશ્ન શાખા-૧,૨ અને ૫નું કામ સંભાળતા **ઉપસચિવશ્રી પાર્થ પ્રજાપતિ**ની ચેમ્બરમાં અને પ્રશ્ન શાખા- ૩ અને ૪નું કામ સંભાળતા **ઉપસચિવશ્રી મૃગેશ દવે**ની ચેમ્બરમાં બેલેટ યોજવામાં આવશે.

૫. માનનીય સભ્યશ્રીઓને અડધા કલાકની ચર્ચાની સૂચના આપવામાં સરળતા રહે તે સારૂ માહિતી આપવામાં આવી છે.

| | |
|---|---|
| **ગુજરાત વિધાનસભા સચિવાલય** | **ડી.એમ.પટેલ** |
| **ગાંધીનગર** | **સચિવ** |
| | **ગુજરાત વિધાનસભા** |

# પત્રક

| અડધા કલાકની ચર્ચા માટે ઠરાવેલ દિવસ | સચિવાલયને સૂચના મળવાનો છેલ્લો દિવસ | જો એક કરતાં વધુ સૂચનાઓ દાખલ કરવામાં આવી હોય તો અગ્રતાક્રમ નક્કી કરવા માટે યોજવામાં આવનાર બેલેટનો દિવસ અને સમય |
|---|---|---|
| ૧. | ૨. | ૩. |
| ૦૭-૦૨-૨૦૨૪ બુધવાર | ૦૨-૦૨-૨૦૨૪ શુક્રવાર | ૦૩-૦૨-૨૦૨૪ શનિવાર (સાંજના ૪.૦૦ વાગે) |
| ૧૨-૦૨-૨૦૨૪ સોમવાર | ૦૭-૦૨-૨૦૨૪ બુધવાર | ૦૮-૦૨-૨૦૨૪ ગુરૂવાર (સાંજના ૪.૦૦ વાગે) |
| ૧૪-૦૨-૨૦૨૪ બુધવાર | ૦૯-૦૨-૨૦૨૪ શુક્રવાર | ૧૦-૦૨-૨૦૨૪ શનિવાર (સાંજના ૪.૦૦ વાગે) |
| ૧૯-૦૨-૨૦૨૪ સોમવાર | ૧૪-૦૨-૨૦૨૪ બુધવાર | ૧૫-૦૨-૨૦૨૪ ગુરૂવાર (સાંજના ૪.૦૦ વાગે) |
| ૨૧-૦૨-૨૦૨૪ બુધવાર | ૧૬-૦૨-૨૦૨૪ શુક્રવાર | ૧૭-૦૨-૨૦૨૪ શનિવાર (સાંજના ૪.૦૦ વાગે) |
| ૨૬-૦૨-૨૦૨૪ સોમવાર | ૨૦-૦૨-૨૦૨૪ મંગળવાર | ૨૧-૦૨-૨૦૨૪ બુધવાર (સાંજના ૪.૦૦ વાગે) |
| ૨૮-૦૨-૨૦૨૪ બુધવાર | ૨૨-૦૨-૨૦૨૪ ગુરૂવાર | ૨૩-૦૨-૨૦૨૪ શુક્રવાર (સાંજના ૪.૦૦ વાગે) |

**********